Gujarat Chamber of Commerce & Industry

ગુજરાત વેપારી મહામંડળ ૧૯૪૯ થી કાર્યરત

24 ડિસેમ્બર, 2020 / 18370

**શ્રી વિજયભાઈ રૂપાણી**
માનનીય મુખ્યમંત્રીશ્રી
ગુજરાત રાજ્ય

Natubhai Patel
President

Hemant N. Shah
Sr. Vice President

K. I. Patel
Vice President

Pathik S. Patwari
Hon. Secretary

V. P. Vaishnav
Hon. Secretary (R)

Sachin K. Patel
Hon. Treasurer

**વિષય: રાજ્યમાં વેચાણ સૌદાઓ પાર લગતી સ્ટેમ્પ ડ્યૂટી ઘટાડવા બાબતે**

માનનીય શ્રી વિજયભાઈ,

આપણી કુશળતા ઇચ્છુ છું.

આપશ્રી વિદિત છો તેમ બધાજ ઉદ્યોગો હાલમાં COVID-19 ને કારણે ખુબ વિકટ પરિસ્થિતિમાંથી પસાર થાય છે. લગભગ બધાજ ઉદ્યોગ ક્ષેત્રો પર આ મહામારીને કારણે વિપરીત અસર પડી છે અને ખાસ કરીને રીયલ એસ્ટેટ જેવા અમુક ઉદ્યોગો પર આ અસર ખુબ ગંભીર છે. આ સેક્ટરમાં કોરોનાને લીધે વેચાણમાં ઘટાડો, પૂરતા પ્રમાણમાં શ્રમિકો ન મળવા, કાચામાલના ભાવોમાં વધારો વિગેરે ને કારણે ખુબજ મંદીનો માહોલ સર્જાયો છે.

સાહેબશ્રી, આ ઉપરાંત આપણા રાજ્યમાં હાલમાં સ્ટેમ્પ ડ્યૂટીનો દર 4.9% જેટલો છે જે અન્ય રાજ્યો કરતા ખુબજ ઊંચો છે.

આપ વિદિત હશો તેમ મહારાષ્ટ્ર સરકારે હાલમાં તેમના રીયલ એસ્ટેટ ક્ષેત્રને પ્રોત્સાહન આપવા ના ઉદ્દેશથી 1 સપ્ટેમ્બર, 2020 થી 31 ડિસેમ્બર, 2020 ની વચ્ચે અમલમાં મુકાયેલા અને વેચાયેલા તમામ વેચાણ વ્યવહારો પર ચૂકવવામાં આવતી સ્ટેમ્પ ડ્યુટીમાં 3 ટકાનો ઘટાડો કર્યો છે અને 1 જાન્યુઆરી 2021 અને 31 માર્ચ, 2021 વચ્ચે નોંધાયેલા વ્યવહારો માટે 2 ટકાનો ઘટાડો કર્યો છે. આ ઘટાડાને કારણે તેમના રાજ્યમાં લગતા સ્ટેમ્પ ડ્યૂટીનો દર 2% જેટલો થઇ ગયો છે. આનાથી નાણાકીય ભીડ ઓછી થશે.

તેથી મહારાષ્ટ્ર સરકારની જેમ આપણા રાજ્યમાં પણ વેચાણ વ્યવહારો પર લાગુ પડતા સ્ટેમ્પ ડ્યૂટીના દરમાં તાત્કાલિક ધોરણે ઘટાડો કરવા અને તેને મહારાષ્ટ્ર જેવા અન્ય રાજ્યોને સમકક્ષ કરવા અમારી આપશ્રીને નમ્ર વિનંતી છે જેથી આપણા ઉદ્યોગોને પ્રોત્સાહન મળી રહે.

અમને વિશ્વાસ છે કે આપશ્રી આ અંગે યોગ્ય વિચારણા કરી સકારાત્મક નિર્ણય લેશો.

આપનો વિશ્વાસુ,

**નટુભાઈ પટેલ**
**પ્રમુખ**

**નકલ રવાના: શ્રી કૌશિકભાઈ પટેલ,** માનનીય મહેસુલમંત્રી, ગુજરાત સરકાર

Shri Ambica Mills - Gujarat Chamber Building, Ashram Road, Ahmedabad- 380009. INDIA. | +91 - 79 - 2658 2301-2-3-4 | gcci@gujaratchamber.org | www.gujaratchamber.org